વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના તમામ નિગમોની કામગીરી સોંપવા તેમજ તમામ નિગમો માટે જિલ્લા મેનેજરની નિમણૂક કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2900/A-1.

સચિવાલય, ગાંધીનગર.

તા. As Per e-sign.

**વંચાણે લીધા:**

(૧) વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:ઈબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧.

(૨) વિભાગનો તા.૦૪/૦૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:ઈબીસી/૧૦૨૦૧૯/૮૬/અ-૧.

(૩) વિભાગનો તા.૧૩/૧૦/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2900/A-1.

(૪) વિભાગનો તા.૦૫/૦૧/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2900/A-1.

(૫) વિભાગનો તા.૧૪/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3518/A.

(૬) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ નો તા.૧૫/૦૫/૨૦૨૫નો પત્ર.

**આમુખ:**

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) આગળના તા.૧૫/૦૮/૨૦૧૮ના ઠરાવથી બિન અનામત વર્ગોનાં શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે લોન યોજનાઓ જેવી કે, વિદેશ અભ્યાસ લોન, શૈક્ષણિક અભ્યાસ લોન, કોમર્શિયલ પાયલોટ તાલીમ લોન, સ્વ-રોજગારલક્ષી લોન તથા સહાય યોજનાઓ જેવી કે, ભોજન બીલ સહાય, ટ્યુશન સહાય, JEE, NEET અને ગુજકેટની પરીક્ષા માટે કોચીંગ સહાય તથા સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાયને મંજૂરી આપવામાં આવેલ છે. જેનું અમલીકરણ ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા કરવામાં આવે છે. હાલમાં નિગમની સહાય યોજનાઓનું અમલીકરણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) આગળના તા.૦૪/૦૨/૨૦૧૯ના ઠરાવ મુજબ વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગના સંબંધિત જિલ્લાના નાયબ નિયામક (વિ.જા.ક.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.ક.) મારફત તેમજ જિલ્લા કક્ષાએ નિગમની લોન યોજનાઓનું અમલીકરણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૩) આગળના તા.૧૩/૧૦/૨૦૨૩ના ઠરાવ મુજબ અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામક(અ.જા.ક.) મારફત કરવામાં આવી રહ્યું છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૪) આગળના તા.૦૫/૦૧/૨૦૨૪ના ઠરાવથી અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામક(અ.જા.ક.)ને ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની લોન યોજનાઓના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ ક્ષેત્રીય કામગીરી માટે હોદ્દાની રૂએ Ex-officio જિલ્લા મેનેજર જાહેર કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૫) આગળના તા.૧૪/૦૩/૨૦૨૪ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન ૬ નિગમોની યોજનાઓના અમલીકરણ માટે ૩૨ જિલ્લાઓમાં નિયમિત તથા આઉટસોર્સની ૧૯૨ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૬) આગળના તા.૧૫/૦૫/૨૦૨૫ના પત્રથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમે તેના હસ્તકની લોન અને સહાય યોજનાઓનું અમલીકરણ વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન ૬ નિગમોની કામગીરી અર્થે નવી ઉભી કરવામાં આવેલ જગ્યાઓ મારફતે કરાવવા દરખાસ્ત કરેલ હતી. જેથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના તમામ નિગમોની ક્ષેત્રીય કામગીરી સોંપવા તેમજ તમામ નિગમો માટે જિલ્લા મેનેજરની નિમણૂક કરવા અંગેની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમની ક્ષેત્રીય કામગીરી વંચાણે લીધેલ ક્રમ-(૫) પરના તા.૧૪/૦૩/૨૦૨૪ના ઠરાવથી ૬ નિગમોની યોજનાઓના અમલીકરણ માટે ૩૨ જિલ્લાઓમાં નિયમિત તથા આઉટસોર્સની નવી ઉભી કરવામાં આવેલ ૧૯૨ જગ્યાઓ પરના અધિકારી/કર્મચારી મારફત તા.૦૧/૦૯/૨૦૨૫ બાદથી કરાવવાની રહેશે

તેમજ સદરહું ઠરાવથી નિગમોની યોજનાઓના અમલીકરણ માટે ઉભી કરવામાં આવેલ જગ્યાઓ પૈકીના સમાજ કલ્યાણ અધિકારીઓને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ઉક્ત તમામ નિગમો માટે હોદ્દાની રૂએ Ex-officio જિલ્લા મેનેજર જાહેર કરવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઇલ પર સરકારશ્રીની તા.૩૦/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**<u>નકલ રવાના:</u>**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમ.
- સર્વે જિલ્લા નાયબ નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ, (નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ મારફત).
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(નિગમ), વિકસતી જાતિ કલ્યાણ, (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી (અ/જ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.

Signature Not Verified

Signed by:Ketan Damor
Section Officer
Date:2025.08.19
11:50:37 +5:30